# આનંદીબેન સાથે 'ફાવશે' કે નહી? સચિવાલયમાં એક જ ચર્ચા

## મુખ્યમંત્રી અને મહત્વના ખાતા પોતે જ કેમ રાખ્યા ? મોદી વગરનો પ્રથમ દિવસ પણ અધિકારીઓને 'નવો' લાગ્યો...!

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના શાસનના પ્રથમ દિવસનો શુક્રવારે વિધિવત રીતે પ્રારંભ થયો હતો. બહેને સવારે સ્વાગત ઓનલાઈન ફરિયાદ કાર્યક્રમથી કામકાજની શરૂઆત કરી હતી તો સચિવાલયમાં નરેન્દ્ર મોદી વિનાનો પ્રથમ દિવસ કર્મચારીઓ અધિકારીઓમાં પણ ચર્ચાનો રહ્યો હતો અને ભારે રાજકીય ઉથલપાથલ બાદ હળવાશનું વાતાવરણ હતું જો કે મંત્રી મંડળમાં કરાયેલા ફેરફારોમાં ખાસ કરીને નીતિન પટેલને ઓછા મહત્વના ખાતાની કરાયેલી ફાળવણી અને કેટલાક મહત્વના ખાતાનો કાર્યભાર બહેને પોતે રાખ્યો તે બાબત ભારે ચર્ચાસ્પદ બની હતી. રાજયમાં ભાજપના કાર્યકરોમાં પણ આ બાબતે ગણગણાટ હતો. સચિવાલયમાં મોદી બેસતા હતા તે જ કેબીનમાં બેસીને આનંદીબહેને સત્તાવાર રીતે કામકાજનો પ્રારંભ કર્યો હતો. સ્વાગત ઓનલાઈન ફરિયાદ કાર્યક્રમમાં તેમણે લોકોની રજુઆતો સાંભળી હતી તે પછી મોદીની શૈલીમાં જ કચ્છની એક ગોશાળાની વિજ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા આદેશ કર્યો હતો. જિલ્લા વહીવટી રજૂઆતોમાં બેદરકારી બદલ દોષિતો સામે પગલા લેવામાં કોઈ કચાશ ન રાખવા પણ જણાવ્યું હતું. તેમણે ૨૮મેથી સરકારની પરંપરા પ્રમાણે કૃષિ મહોત્સવ શરુ કરવાની પણ જાહેરાત કરી હતી. જેમાં મહિલા ખેડુતોનું પણ સન્માન કરવાનો નિર્ણય લેવાયો હતો. જો કે સચિવાલયમાં આનંદીબહેનના કામકાજના વલણને લઈને ભારે ઉત્સુકતા હતી. ખાસ કરીને કર્મચારીઓ-અધિકારીઓ સતત મોદી જે રીતે કામ કરતા હતા અને કરાવતા હતા તેમાં બહેન કેવો ફેરફાર કરશે તે અંગે ચર્ચા ચાલી હતી. આનંદીબહેન કડક સ્વભાવના હોઈ ઉચ્ચ અધિકારીઓ સાથે લાંબો સમય કામ લઈ શકશે નહીં તે પણ ચર્ચાનો મુખ્ય વિષય બન્યો હતો.



જો કે રાજયભરમાં ભાજપના કાર્યકરોમાં નવા મંત્રી મંડળ અંગે ભારે ગણગણાટ રહ્યો હતો. બહેને જમીન અને મહેસૂલને લગતા મહત્વના ખાતા પોતાની પાસે રાખ્યા તે બાબત ચર્ચાનો વિષય બની હતી. તેમની પાસે મહેસૂલ, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ અને બંદર વિભાગ જેવા ચાવી રૂપ ખાતા પોતાની પાસે રાખ્યા છે. મોદીએ પણ મહેસૂલ, શહેરી વિકાસ જેવા ખાતા પોતાની પાસે રાખ્યા ન હતા. આનંદીબહેન પોતે મુખ્યમંત્રીનો કાર્યભાર સંભાળવાના હોઈ આખા રાજયના વહીવટી તંત્રને માર્ગદર્શન, વિવિધ કાર્યક્રમો અને બેઠકો હોય ત્યારે આટલા બધા ખાતા પોતાની પાસે રાખવાનું કારણ શું હોઈ શકે તેની ભાજપના વર્તુળો જ ઉત્સુકતાથી ચર્ચા કરતા હતા. આ સિવાય પણ આનંદીબહેન પાસે ગૃહ વિભાગ, સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ, નર્મદા, કલ્પસર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઉપરાંત તમામ નીતિઓ પણ તેમને હસ્તક છે. નીતિન પટેલ ઉત્તર ગુજરાતના હોવાથી તેમની પાસેથી નાણા વિભાગ લઈ લેવાનું કારણ બહાર આવી રહ્યું છે. ત્યારે તેમને આરોગ્યના બદલે મહેસૂલ અને શહેરી વિકાસ જેવા મહત્વના વિભાગ આપી શકાયા હોત તેવી ચર્ચા પણ ભાજપમાં થવા પામી હતી.

કેબીનેટમાં નવી કેડર તૈયાર નહીં થાય મંત્રી મંડળમાં નીતિન પટેલ, રમણ વોરા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદીપસિંહ જાડેજા જેવા અનુભવી મંત્રીઓ છે છતાં બહેને મહત્વના ખાતા કોઈને આપ્યા નથી તેની પાછળ કયું કારણ હોય તે અંગે કેટલાક નેતાઓ પૃચ્છા કરી રહ્યા છે. તેમના સિવાય છ મંત્રીઓનો જ કબીનેટ કેડર તૈયાર થાય તે માટે રાજયકક્ષાના પ્રદિપસિંહ, વસુબેન ત્રિવદી જેવા મંત્રીઓને કેબીનેટમાં સ્થાન આપી શકાયું હોત તેવું પણ એક વર્ગ માની રહ્યો છે. હવે બહેન મંત્રી મંડળમાંથી પડતા મૂકેલા પરસોત્તમ સોલંકી, વાસણ આહિર અને પરબત પટેલનો કેવો પ્રતિભાવ આપે છે તેની રાહ જોવાઈ રહી છે.

### આજે સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિરે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૫

રુદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. આજ રોજ સોમવારે સવારે ૧૦-૦૦ વાગે સેકટર-૨૧ સ્થિત વૈજનાથ મહાદેવ,ચ-૬ પાસે યોજવામાં આવશે. સર્વે ભકતજનોને લઘુરૂદ્રનો લાભ લેવા પ્રમુખ રવિન્દ્રભાઈ દવેએ જણાવ્યું છે.

### કેશુભાઈ પટેલે નરેન્દ્ર મોદીને શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન પદે શપથ લેવા જઈ રહ્યા છે ત્યારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે તેમને શુભેચ્છાઓ પાઠવી છે. જો કે કેશુભાઈ પટેલને શપથવિધિમાં વિધિસરનું આમંત્રણ અપાયું હોવા છતાં શારીરિક પ્રતિકૂળતાને કારણે તેમણે શપથવિધિમાં ઉપસ્થિત રહવા તેમણે અસમર્થતા દર્શાવી છે.

કેશુભાઈ પટેલે નરેન્દ્ર મોદીને પત્ર લખી શુભેચ્છા પાઠવતા ગુજરાત અને દેશ માટે તેમની વડાપ્રધાન પદે શપથ ગ્રહણ કરવાની ઘટનાને ગૌરવરૂપ ગણાવી છે અને આ ઘટનાના સાક્ષી બનવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં શારીરિક પ્રતિકૂળતાને કારણે ઉપસ્થિત રહેવું શક્ય નથી તેવી સ્પષ્ટતા કરી છે. કેશુભાઈએ આ પત્રમાં દાયકાઓની જહેમત પછી ભારતીય જનતા પક્ષને મળેલ આ ભવ્ય વિજયને સહુ માટે ગૌરવરૂપ ગણાવતા નરેન્દ્ર મોદીને દેશના આ ગૌરવપદ પર બિરાજમાન થઈ કુશળ વહીવટ સાથે વિશ્વમાં દેશનું નામ રોશન કરવા અંતઃકરણની શુભેચ્છા પાઠવી છે.

# 'ચ' રોડ પર પુરપાટ ઝડપે આવી રહેલ વેગનઆર કારે સ્કુટરને ટક્કર મારી

## અખબારભવન પાસે વેગનઆર કારે ડ્યુરોને અડફેટે લેતા ચાલક ગંભીર : યુવતિનો આબાદ બચાવ

ગાંધીનગર, તા. ૨૫

શહેરના 'ચ' માર્ગ પર બેફામ ગતિએ જઈ રહેલી વેગનઆર કારની અડફેટે સેક્ટર-૧૧ પાસે વળાંક લઈ રહેલુ સ્કુટર (ડ્યુરો) આવી જતા જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો. કારની ટક્કરથી સ્કુટર વીસ ફૂટ દૂર ફંગોળાયુ હતુ અને તેનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં સ્કુટર સવાર બે વ્યક્તિઓ પૈકી એક યુવાનને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે સ્કૂટરની પાછળ બેઠેલી યુવતિને સદ્નસીબે ખરોચ પણ આવી ન હતી. હાલ ગંભીર રીતે ઘવાયેલ યુવાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે.


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર શહેરના પહોળા રસ્તાઓ જોઈને વાહનચાલકો દ્વારા દુરઉપયોગ કરવામાં આવતો હોય છે. ચાલકોને ટ્રાફિકની સમસ્યા ન પડે તે માટે પહોળા રસ્તાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે આજે સમી સાંજે પાંચ વાગે ચ-રોડ પર આવેલ અખબાર ભવન પાસે કાર અને ડ્યુરો સ્કૂટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

'ચ' રોડ પર ચ-૩ બાજુ જઈ રહેલ ડ્યુરો નંબર જીજે-૧૮-એક્યુ-૭૩૩૧ પર એક યુવક અને એક યુવતિ પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવતી વેગનઆર કાર નંબર જીજે-૫-સી.જી.૪૬૪૩ એ ડ્યુરોને અડફેટે લેતા ડ્યુરો પર સવારી કરી રહેલ યુવાન અને યુવતિ રોડ પર વીસ ફુટ સુધી ઘસડાયા હગતા. તેમજ ડ્યુરોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતમાં સદ્નસીબે ડ્યુરો પર બેઠેલી યુવતિનો આબાદ બચાવ થવા પામ્યો છે. અકસ્માત એટલો મોટો હતો કે તેના અવાજથી સેક્ટર-૧૧ના વેપારીઓ દોડી આવ્યા હતા અને ઘાયલ યુવાનને બચાવવા માટે ૧૦૮ ને કોલ કર્યો હતો. ઘાયલ યુવાનને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

### એન્જિનિયરીંગ ફોર્મ ૩૦મી મેથી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ

ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં એન્જિનિયરીંગના ફોર્મને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. એન્જિનિયરીંગના ફોર્મ ૩૦મી મેથી ઉપલબ્ધ થશે. સામાન્ય રીતે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આગાલા દિવસથી એન્જિનિયરીંગ કોર્ષ માટેના ફોર્મ મળવાની શરૂઆત થઈ જાય છે પરંતુ આ વખતે ૩૦મી મેના દિવસે ફોર્મ મળવાની શરૂઆત થશે. જ્યારે મેડિકલ કોર્ષ માટેના ફોર્મ જૂનના પ્રથમ સપ્તાહથી ઉપલબ્ધ બનશે.

# સોમનાથ મંદિરમાં સહસ્ત્રદીપ અને શંખનાદ દ્વારા નરેન્દ્ર મોદીની શપથવિધિને વધાવાશે

## ભગવાન સદાશિવના આર્શિવાદથી દેશનો સર્વતોમુખી વિકાસ થાય તે માટે ગંગાજળનો અભિષેક અને ષોડશોપચાર પૂજા ઘંટારવ સાથે કરાશે

ગાંધીનગર, તા.૨૫

રાજયના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે પ્રધાનમંત્રી પદના શપથ ગ્રહણ કરશે. સમગ્ર ગુજરાત આ ક્ષણને વધાવી લેશે. નરેન્દ્રભાઈની આગેવાનીમાં દેશ હરણફાળ વિકાસ કરે તે માટે ગુજરાતના સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવશે તેમ ટ્રસ્ટના અધ્યક્ષે જણાવ્યુ છે. દેશમાં નરેન્દ્રભાઈની આગેવાનીમાં એનડીએની સરકાર બને તેમજ નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બને તે માટે તેમના સમર્થકો દ્વારા અનેક બાધાઓ રાખવામાં આવી હતી. ગુજરાતનું ગૌરવ એવા નરેન્દ્ર મોદી આજે પ્રધાનમંત્રી પદના શપથ ગ્રહણ કરવાના છે ત્યારે સૌ કોઈ સમર્થક હર્ષભેર વધાવી લેશે.

દેશના બાર જયોર્તિલીંગો માંનું એક સોમનાથ મંદિરે આજે સાંજે ૬ વાગે નરેન્દ્રભાઈ પ્રધાનપદનો હોદ્દો ગ્રહણ કરે તે સમયે મંદિરમાં ગંગાજળ દ્વારા અભિષેક સાથે ષોડશોપચાર પૂજા, શંખનાદ, ઘંટારવ તેમજ એક હજાર દીવડા પ્રગટાવી ભગવાન સદાશિવના આશીર્વાદથી મોદીજીના નેતૃત્વમાં દેશનો વિકાસ થાય તેવી પ્રાર્થના કરવામાં આવશે. ટ્રસ્ટના અધ્યક્ષ કેશુભાઈ પટેલે હતું કે મોદીજી વડાપ્રધાન તરીકેનો કાર્યકાળ પ્રારંભ કરે તેની વધામણી રૂપે મંદિરમાં સહસ્ત્રદીપ પ્રગટાવી મંદિરમાં અલૌકીક રોશની કરવામાં આવશે તેમજ દેશમાં સુખ શાંતિ બની રહે અને દેશ પ્રગતિ કરે તેવી પૂજા કરવામાં આવશે.

# પડદા પાછળના ૧૪ ચહેરા કે જેમણે દેશમાં મોદી બ્રાન્ડ ઉભી કરી દીધી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

બોલીવુડમાં અમિતાભ બચ્ચન હોય કે શાહરૂખ ખાન, કોઈને કોઈ ફિલ્મસ્ટારને સુપરસ્ટાર બનાવવામાં ડાયરેકટર અને પ્રોડ્યુસરનો મોટો રોલ હોય છે. આજે બદલાયેલા સમયમાં હવે તો ફિલ્મોમાં આ પડદા પાછળના કસબીઓ દેખાતા થયા છે પરંતુ એ સમય હતો કે ફિલ્મની શરૂઆતમાં તેમના નામની તકતી જ જોવા મળતી હતી. આજે ફિલ્મ જોતાં પહેલાં ડાયરેક્ટરનું નામ પૂછવામાં આવે છે કે ફિલ્મનો ડાયરેક્ટ કોણ છે.. મસાલા ફિલ્મોની સાથે કોમેડિયન ફિલ્મના જમાનામાં રોહિત શેટ્ટી તો ફિલ્મના અંતે તેના શૂટીગ કાફલાને પડદા ઉપર રજૂ કરે છે...

## સમ્રાટ ચંન્દ્રગુપ્ત મૌર્યને ચાણક્ય મળ્યા હતા. મોદીને અમિત શાહ

મૌર્ય વંશના -થમ સમ્રાટ ચંન્દ્રગુપ્ત મૌર્યના ગુરુ ચાણક્ય એક ઈતિહાસ બની ગયા છે. આજે વિશ્વની મહાસત્તાઓ તેમને યાદ કરે છે. ચંન્દ્રગુપ્તને રાજા બનાવવામાં ચાણક્યનો ખૂબ મોટો રોલ હતો. ઈતિહાસ અને બોલીવુડની જેમ હવે પોલિવુડ એટલે કે પોલિટીક્સમાં પણ એવા ડાયરેક્ટરો છે જેમણે રાજકીય નેતાઓને હિરો બનાવ્યા છે. એક સમયે ઉત્તર-દેશમાં માયાવતીની માયાવી ઈમેજ ઉભી કરવામાં સતીષ મિશ્રાનો બહુ મોટો ફાળો હતો. બીએસપીની સરકારમાં તેઓ નંબર-ટુની ઈમેજ ધરાવતા હતા. દલિત-બ્રાહ્મણનું કોમ્બિનેશન કરીને તેમણે માયાની નગરી ઉભી કરી હતી.




ભાજપ અને એનડીએની સરકારમાં તત્કાલિન -ઈમ મિનિસ્ટર અટલ બિહારી વાજપેયીને પ્રોજકશન આપવામાં મહારાષ્ટ્રીયન પ્રમોદ મહાજનના રોલનો કોઈ ઈન્કાર કરી શકે નહીં. ગુજરાતમાં ભાજપને પ્રથમવાર સત્તામાં લાવનાર અને કેશુભાઈ પટેલની ઈમેજ ઉભી કરનાર ડાયરેક્ટરોમાં શંકરસિંહ વાઘેલા, નરેન્દ્ર મોદી અને સંજય જોષી હતા જેમણે ૧૯૯૫માં ખૂબ મહેનત કરી હતી.

દેશ કી પુકાર, અબકી બાર મોદી સરકાર... ચાય પે ચર્ચા, હમ મોદીજી કો લાનેવાલે હૈ... મિશન-૨૭૨ ... એક ભારત શ્રેષ્ઠ ભારત... અચ્છે દિન આનેવાલે હૈ.. વન મિશન- નમો ફોર પીએમ... આ -કારના સ્ટેટેજીક સૂત્રોએ ૨૦૧૪ લોકસભામાં મોદી માટે કમાલ કરી દીધી છે. વિધાનસભા-૨૦૧૨માં ચૂંટણીમાં મોદીનો કરિશ્મા નમો ગુજરાત ટીવી ચેનલ અને ચૂંટણી સભામાં થ્રી-ડી ટેકનોલોજી હતી, લોકસભા-૨૦૧૪માં મોદીએ ટીવી ચેનલ તો ના કરી પણ સમગ્ર મિડીયામાં આકર્ષણ ઉભું કરાવી દીધું ...

**પરદે કે પીછે ક્યા હૈ ? આ છે મોદી મિશનના લડવૈયાઓ...**

**અમિત શાહ** - હવે જમાનો આવ્યો છે નરેન્દ્ર મોદીનો...ગુજરાતમાં ૧૩ વર્ષનું એકચક્રી શાસન આપનાર મોદી ખુદ માર્કેટીગના વ્યક્તિ છે છતાં તેમની ઈમેજને નેશનલ લેવલે -જેક્ટ કરવામાં રાજકીય નેતા તરીકે તેમના શરૂઆતથી સાથી રહેલા અમિત શાહ મુખ્ય છે. આ એવી વ્યક્તિ છે કે જે ફ્લેક્સિબલ છે. પ્રોફેશનલ છે. ડાઉન ટુ અર્થ છે. રાજકારણના ખેલાડી પણ છે. તાર્કિક દલીલ અને ક્લીન સ્પીચ તેમની ખૂબી છે. મોદીને પીએમ તરીકેનું પ્રોજકશન અપાવવાથી લઈને તેમના માટે દેશભરમાં મહેનત કરીને અમિત શાહ મોદીના જમણા હાથ બની ગયા છે.

આ એક એવો ચહેરો છે કે ભાજપને સંપૂર્ણ બહુમત મળ્યા પછી ઉત્તર-દેશની જનતા તેમને જોવા તલસતી હતી. ખુદ મોદીએ અમદાવાદની વિજય સભામાં આ વાક્ય કહીને અમિત શાહના ભરપેટ વખાણ કર્યા હતા. એકલા ઉત્તર-દેશમાં ભાજપને ૭૩ બેઠકો અપાવવામાં અમિત શાહનો સિંહફાળો છે, જેની અસર નિતીશકુમારના બિહારમાં પણ પડી. બિહારમાં ભાજપને ૩૨ સીટ મળવા પાછળનું કારણ પણ અમિત શાહ છે. ભગવાન રામચંન્દ્ર પાસે હનુમાન હતા તેમ મોદી પાસે અમિત શાહ છે...

**કે. કૈલાસનાથન** - ગુજરાતના સિનિયર નિવૃત્ત આઈએએસ ઓફિસર અને હાલ સીએમઓમાં ચીફ -િન્સિપલ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. છેલ્લા બે વર્ષથી તેઓ મિશન મોદીમાં કામ કરી રહ્યાં છે. પબ્લિક-પોલિસી રિલેટેડ કામગીરીની સાથે સિંગલ વિન્ડો સોલ્યુશન સર્વ કરે છે. મોદીની કેમ્પેઈન ટીમનો એક ભાગ રહ્યાં છે.

## 'ચાય પે ચર્ચા' મોડેલ દેશભરમાં મશહૂર કરનાર ખેલાડી કોણ હતા?

**એ.કે. શર્મા** - સીએમઓમાં આ એવા બીજા આઈએએસ અધિકારી છે જેમણે મોદીને પ્રોજેક્ટ કરવામાં અને તેમની સ્પીચ તૈયાર કરવામાં ખૂબ મહત્વની ભમિકા અદા કરી છે. વિવિધ બિઝનેસ ડેલિગેશનોને તેમણે હેન્ડલ કર્યા છે. મોદીની વાયબ્રન્ટ ઈમેજમાં જેમ ડી. રાજગોપાલનનો ફાળો હતો તેમ આ ઓફિસરે પણ મોદીને વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં ખૂબ મદદ કરી છે તેથી તેઓ હાલ મોદીની સાથે દિલ્હી સ્થિત પીએમઓમાં કામગીરી કરી રહ્યાં છે. મોદીની સફળતાના ટોપ બ્રેઈન બિહાઈન્ડમાં તેમનું નામ છે.

**-શાંત કિશોર** - એક યુથ પ્રોફેશનલ છે. યુએનમાં કામ કરવાનો તેમનો અનુભવ છે. ત્રણ વર્ષથી મોદી સાથે સંકળાયેલા છે. સિટીઝન ઓફ એકાઉન્ટેબલ ગવર્નન્સના ઈનિશિયેટીવમાં તેમનો ફાળો છે. તેમણે મોદી કેમ્પેઈન માટે કોમ્યુનિકેશન અને માર્કેટીગમાં કામ કર્યુ છે. તેમણે મોસ્ટ પોપ્યુલર ચાય પે ચર્ચા... કેમ્પેઈનમાં ફાળો આપ્યો છે.

## 'અબકી બાર મોદી સરકાર'ના નારા આપ્યા તેમને પણ ઓળખો

**રાજેશ જૈન** - ઈન્ડિયા ઈન્ફોલાઈનના મશહૂર ખેલાડી છે. મોદીના માસ-મિડીયા કેમ્પેઈનમાં પ્રમુખ ભૂમિકા નિભાવી છે.


**અજયસિંઘ** - દેશકી પુકાર, મોદી સરકાર... ઈસ બાર, મોદી સરકાર... આ સૂત્રના પાછળ સ્પાઈસજેટના કો-ઓનર અજયસિંઘનું ભેજું છે. આ ચાર-ચાર શબ્દો મોદીના ફેઈસ બની ચૂક્યા હતા. દેશભરમાં આ સૂત્રના પોસ્ટર્સ લાગ્યા હતા. સોશયલ મિડીયા ઉપર પણ આ સૂત્ર બહું છવાઈ ચૂક્યું હતું. ભાજપને સત્તાના સિંહાસને બેસાડવા માટે આ એક જ સૂત્ર બહુ કારગત નિવડ્યું છે.

**હિરેન જોષી** - રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ભૂતપૂર્વ કાર્યકર અને મિશન મોદીના ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યુટી એવા ઓફિસર ઈન્ડિયા-૨૭૨ કેમ્પેઈનના પ્રેરણાદાતા છે. મોદીના ડિઝિટલ મિડીયા સ્ટેટેજીસ્ટ છે. મોદીના પોર્ટલ અને સોશયલ મિડીયા કેમ્પેઈનમાં ૨૦૦૦ ટેકનિશયનોના સ્ટાફ લિડર બન્યા છે.

**મનીષ બરડિયા** - એક ગુજરાતી વ્યક્તિ બેસ્ટ ડોક્યુમેન્ટરી મેકર છે. વિધાનસભા-૨૦૧૨માં તેમણે મોદી માટે ખૂબ કામ કર્યુ હતું. ક્રેયેટીવ -ોફેશનલ છે. ઓડિયો-વિજયુઅલ પ્રોડકશન પણ તેમણે કર્યા છે. એડ ક્રિયેટર છે. ૨૦૧૪ લોકસભામાં તેમના ફાળે બહુ કામ આવ્યું નથી પણ મોદી મિશનનો એક પાયો છે.

**દેવાંગ નાણાવટી** - અમદાવાદ બેઝ એડવોકેટ મોદીની નજીક છે. મોદીના લિગલ ઈસ્યુમાં સલાહ આપે છે. હ્યુમન રાઈટ્સ અને તેને રિલેટેડ લો માં તેમને ૧૫ ગોલ્ડ મેડલ મળ્યા છે. ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટીસીંગ લોયર છે.

**પિયુષ ગોયલ** - મુંબઈ બેઝ ભાજપના વર્કર અને રાજયસભાના સભ્ય એવા આ વ્યક્તિ મિડીયા કોઓર્ડિનેટર અને મિડીયા સ્ટેટેજી ઘડવામાં માહિર છે. તેમણે ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ સહિતના ડેવલપમેન્ટ ઉપર એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન બનાવ્યું હતું અને દેશના સંસદસભ્યો સમક્ષ રજૂ કર્યુ હતું. તેમનો એકેડેમિક રેકોર્ડ બ્રિલિયન્ટ છે. ફાયનાન્સ અને બેન્કિંગ ક્ષેત્રમાં તેમનો બહોળો અનુભવ છે.




**મનોજ લાડવા** - લંડન બેઝ લિગલ કન્સલ્ટન્ટ એવા આ મહાશયે કેમ્પેઈનમાં ઈફેક્ટિવ મેનેજમેન્ટ સંભાળ્યું હતું. -િન્ટ, ટીવી અને રેડિયો એડવર્ટાઈઝમેન્ટમાં તેમનો ફાળો રહ્યો છે.

**વિકાસ સન્કીત્યાયન** - યંગ આઈટી -ોફેશનલ એવી આ વ્યક્તિએ સોશયલ મિડીયા કેમ્પેઈન આઈ સપોર્ટ મોદી માટે ઈફેક્ટિવ કામગીરી કરી છે.

**અરવિંદ ગુપ્તા** - ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં આગળ પડતું નામ છે. સોશયલ મિડીયા માટેનું અદ્દભૂત પ્લેટફોર્મ પુરૂં પાડ્યું છે. તેઓ ભાજપનું ગુજરાત અને દિલ્હી આઈટી ડિવિઝન સાથે સંકળાયેલા રહ્યાં છે. મોદીની ગ્લોબલી અને લોકલી અપીલમાં તેમનો સિંહફાળો છે.

**વિપુલ મિત્રા** - ગુજરાત કેડરના આઈએએસ અધિકારી છે. ટુરિઝમની સંપૂર્ણ જવાબદારી મોદીએ તેમને આપી દીધી છે. અમિતાભ બચ્ચન સાથે રહીને ખુશ્બુ ગુજરાત કી એડ કેમ્પેઈન શરૂ કરી તેમણે બોલીવુડમાં મોદી માટે આકર્ષણ ઉભું કરવામાં મદદ કરી છે. ગુજરાતને વિશ્વના ટુરિસ્ટ પ્લેસમાં મૂકવામાં આ ઓફિસર છેલ્લા પાંચ વર્ષથી ટુરિઝમ ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલા છે.




**લોકસભા-૨૦૧૯માં મુખ્ય સૂત્ર શું હશે....**

સોશયલ સાઈટ ઉપર ખૂબ જ પોપ્યુલર થયેલું અબકી બાર મોદી સરકાર સૂત્ર પછી સચિવાલયમાં એવી ચર્ચા ચાલે છે કે હવે પાંચ વર્ષ પછી પ્રાઈમ મિનિસ્ટર મોદી સરકારનું સૂત્ર બાર બાર મોદી સરકાર.... હોઈ શકે છે.